આકાશવાણી, અમદાવાદ

02-06-2026 Midday: 2.30 to 2.35pm

TUESDAY Regional News

## SANGHAVI REVIEW MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં પોલીસ વિભાગની સમીક્ષા બેઠક યોજાઇ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ બેઠકમાં નવ જિલ્લાના પોલીસ વડા ઉપસ્થિત રહ્યા. દરમિયાન શ્રી સંઘવીએ કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી.

## STATE RAIN OVERALL

રાજ્યના કેટલાક જિલ્લામાં ગત 24 કલાકમાં વરસાદ પડ્યો. તેના કારણે કેટલીક જગ્યાએ નુકસાન થયાના પણ અહેવાલ છે. જોકે, આજે વરસાદનું જોર ઘટતાં બપોરે 12 વાગ્યા સુધીમાં માત્ર છ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો.

દરમિયાન હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ તારીખ સુધી રાજ્યના વિવિધ વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં હાલ ત્રણ પ્રણાલિ સક્રિય હોવાથી વાતાવરણમાં અસ્થિરતા જોવા મળી રહી છે. ઉપરાંત આજે અને આવતીકાલે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. તેમજ લોકોને સાવચેત રહેવાની સલાહ અપાઈ છે.

બનાસકાંઠા જિલ્લા સહિત વાવ-થરાદ પંથકમાં ગઈકાલે રાત્રે વીજળીના કડાકા સાથે થયેલા વરસાદથી બાજરીના પાકને નુકસાન થયું છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નુકસાનીનો અંદાજ મેળવવાની પ્રાથમિક વિગત એકત્રિત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. આ અંગે દિયોદર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMCના સેક્રેટરી પરાગ પટેલે વધુ માહિતી આપી.

સુરેન્દ્રનગરમાં તમામ 10 તાલુકાના મોડી રાત્રે અને વહેલી સવારે વરસાદી ઝાપટાં થતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી છે.

ભાવનગરમાં રાત્રે બે વાગ્યે ભારે પવન સાથે વરસાદ થતાં લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

તો, અરવલ્લીમાં મોડી રાત્રે વાવાઝોડું ફૂંકાતા કેટલાક વિસ્તારમાં વૃક્ષ અને હોર્ડિંગ્સ પડી ગયા હતા. જ્યારે મોડાસા તાલુકાના અણદાપુર ગામમાં કેટલાક કેટલાક મકાનના પતરાં ઉડી ગયા હતા.

ડાંગમાં પણ મોડી રાત્રે સરેરાશ 15 મિલિમીટર વરસાદ થતાં વાવાઝોડમાં પીમ્પરી-વ્યારા માર્ગ પર આવેલા સીસીટીવી કેમેરાનું ટાવર તૂટી પડ્યું હતું.

ભરૂચમાં જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી.

બોટાદમાં આજે વહેલી સવારે વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થતાં મેઘરાજાનું આગમન થયું છે.

જ્યારે તાપીમાં વ્યારાના ચીખલીનાકા, બજાર વિસ્તાર સહિત આસપાસના વિસ્તારમાં ગઈકાલે વરસાદી માહોલ જોવા મળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

## SABARMATI CLEANLINESS DRIVE

અમદાવાદમાં આજથી સ્વચ્છ સાબરમતી મહાઅભિયાનનો પ્રારંભ કરાયો. મહાનગરપાલિકા અને સાબરમતી રિવરફ્રન્ટ વિકાસ નિગમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા અભિયાનમાં ઉર્જામંત્રી ઋષિકેશ પટેલ પણ જોડાયા. આ મહાઅભિયાન અમદાવાદને વધુ સ્વચ્છ, સુંદર, હરિયાળું અને સુવ્યવસ્થિત શહેર બનાવવામાં જનઆંદોલન સાબિત થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

## ARAVALLI NEW BUS

અરવલ્લીથી અમદાવાદના રાણીપ સુધીની નવી બસ સેવાનો પ્રારંભ કરાયો. આદિવાસી વિકાસ રાજ્યમંત્રી પી. સી. બરંડાએ લીલીઝંડી આપી બસને પ્રસ્થાન કરાવ્યું. દરમિયાન તેમણે બસમથક ખાતે મુસાફરો સાથે સંવાદ પણ કર્યો.

## RAJYAPAL SABARKANTHA VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સાબરકાંઠાના વડાલી તાલુકાના કેશરગંજમાં બે દિવસનો ગ્રામ કલ્યાણ કાર્યક્રમ યોજ્યો. દરમિયાન તેમણે ખેડૂતો, પશુપાલકો, મહિલાઓ, બાળકો તથા વડીલો સાથે સીધો સંવાદ સાધ્યો. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું, મહિલાઓનાં આરોગ્ય અને સશક્તિકરણ અંગે ચર્ચાઓ કરી. તેમજ બાળકો સાથે વાર્તા કરીને તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા. અંદાજે ત્રણ કલાક સુધી એસ. ટી. બસમાં સામાન્ય મુસાફરની જેમ સફર કરીને રાજ્યપાલશ્રી ગાંધીનગરથી કેશરગંજ પહોંચ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલશ્રીએ રાજ્યના વિવિધ પ્રવાસ માટે હેલિકોપ્ટર કે હવાઈ મુસાફરીને બદલે ટ્રેન, એસ. ટી. બસ અને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.